FILE NO.FRC/PRO./2024-25/AMR/AMR/8 DT. 16-03-2024

ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ,પ્રિન્સિપાલ બંગલો,એ.વી.પી.ટી.આઇ.- સ્ટાફ ક્વાટર્સ કેમ્પસ, હેમુગઢવી હોલ પાછળ,ટાગોર રોડ,રાજકોટ-360 001

ઈ-મેઈલ-frcrajkotzone@gmail.com

પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ
અંગેજી માધ્યમ – CBSE
મુ.કેરીયાનાગસ,
તા.જી.અમરેલી.-365601

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT सत्यमेव जयते RAJKOT ZONE

24130103102

## ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો 2017 અન્વયે ફી નક્કી કરતો હુકમ

વંચાણે લીધું :-

(૧) નમુના ૨ માં પોદાર લીટ્રેસી & એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ દરખાસ્ત સાથે નીચે પ્રમાણે રજુ કરેલ વિગતો

1. શાળાને લગતી સામાન્ય માહિતી,
2. વિદ્યાર્થી-શિક્ષકો-વર્ગોની સંખ્યા,
3. ઇન્ફ્રાસ્ટ્રક્ચર,
4. નાણાકીય માહિતી,
5. શાળામાં ચાલતી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓની માહિતી,
6. શાળા મંજૂરી હુકમ તેમજ પ્રી-પ્રાયમરી અને ધોરણ 1- 12 એફીલેશનના હુકમ,
7. વર્ષ 21-22 તથા 22-23 નાં ટ્રસ્ટ તથા શાળાના ઓડિટ રિપોર્ટ,
8. ટ્રસ્ટનો નોંધણીનો દાખલો તથા ટ્રસ્ટડિડ,
9. ફી નિયમન સમિતિનો વર્ષ 21- 22, 22-23 તથા 23-24 નો ફી નિર્ધારણ હુકમ.

## હુકમ

૧. પોદાર લીટ્રેસી & એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ ધોરણ 1 થી 12 અંગેજી માધ્યમ – CBSE બોર્ડના વર્ગો ચાલે છે. જેની વર્ષ 23-24, 24-25, 25-26 ની ફી નિર્ધારિત કરવા માટે શાળા એ ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો 2017 ના નિયમ 6 હેઠળ દરખાસ્ત રજૂ કરેલ છે.

૨. સંબંધિત પરિબળો અને અધિનિયમ તથા નિયમોની જોગવાઈ ના સંદર્ભમાં સંચાલક મંડળે રજૂ કરેલ પુરાવા અને દસ્તાવેજોના આધારે ફી નિર્ધારણની દરખાસ્ત ચકાસવામાં આવી છે અને તેની પર વિચારણા કરવામાં આવી છે.

3. શાળામાં પ્રિ-પ્રાઈમરી તથા પ્રાઈમરી વિભાગના અંગેજી માધ્યમ – CBSE બોર્ડના અભ્યાસક્રમ મુજબના વર્ગો ચાલે છે તમામ વિભાગમાં હિસાબો એકત્રિત નિભાવવામાં આવે છે. શાળાએ વર્ષ 21-22, 22- 23 ના હિસાબો રજૂ કરેલ છે.

૪. શાળાએ રજૂ કરેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ચકાસણી કરતા મંજૂર વર્ગ પ્રમાણે વર્ગખંડો, ટેપ વોટર તેમજ જરૂરી સુવિધા ઉપલબ્ધ છે. શાળાએ વર્ષ 22- 23 ના રજૂ કરેલ હિસાબોને વિદ્યાર્થિ દીઠ ખર્ચ જાણવા ધ્યાને લેવામાં આવેલ છે. પગાર ખર્ચ, સ્ટાફ ની સંખ્યા ના પ્રમાણમાં વ્યાજબી છે.

૫. શાળા ભાડાના બિલ્ડિંગમાં કાર્યરત છે. શાળાએ મકાનમાલિકના પાવર ઓફ એટર્નીની સાથે કરેલા M.O.U. રજૂ કરેલ છે. આ દસ્તાવેજ M.O.U. ના મથાળા હેઠળ છે પરંતુ લીઝ એગ્રીમેન્ટ હોવાનું દસ્તાવેજમાં દર્શાવેલ છે . જે ત્રીસ વર્ષનો છે. જેથી રજીસ્ટ્રેશન એક્ટ અન્વયે સદર દસ્તાવેજ ફરજિયાત નોંધણીને પાત્ર છે પરંતુ તે નોંધાયેલ નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટ સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નંબર 2446/2023 વગેરે ના કામે કરેલ હુકમમાં પેરેગ્રાફ 7.2 માં કરેલ અવલોકન અન્વયે ઓડિટ રિપોર્ટમાં દર્શાવેલ ભાડું માન્ય રાખવા પાત્ર નથી. જેથી અત્રેની કમિટીએ અગાઉ મંજૂર કરેલ ભાડું રૂપિયા 30 લાખ માં 10% વધારો કરી રૂપિયા 36.30 લાખ ભાડું માન્ય કરવામાં આવે છે. આ ઉપરાંત શાળા પુસ્તક ખર્ચ ₹ 20.34 દર્શાવેલ છે પરંતુ પુસ્તકો લાંબા ગાળા સુધી ઉપયોગમાં રહેવાના હોય તેનો ખર્ચ 10 વર્ષ સુધી વહેચી શકાય. જેથી રૂપિયા 2.03 લાખ માન્ય કરવામાં આવે છે આ ઉપરાંત હાઉસકીપિંગ ખર્ચ 21- 22 માં 5.38 લાખ દર્શાવેલ. જે વર્ષ 22-23 માં વધીને 12.75 લાખ એટલે કે બમણાથી વધુ દર્શાવેલ છે. તેમાં વર્ષ 21-22 કરતા 35% જેવો વધારો માન્ય કરવામાં આવે છે. જેથી હાઉસકીપિંગ ખર્ચ રૂપિયા 7.25 લાખ માન્ય કરવામાં આવે છે. આ સિવાય નો તમામ ખર્ચ માન્ય કરવામાં આવે છે.

માન્ય ખર્ચ આધારિત વિદ્યાર્થીની સંખ્યા પ્રમાણે વિદ્યાર્થી દીઠ ખર્ચ જોતા માંગણી મુજબ ફી મંજુર કરવા પાત્ર છે.

૬. વર્ષ 22-23 માં કુલ ખર્ચ, વિદ્યાર્થી ની સંખ્યા, સુચિત ફી નીચે પ્રમાણે છે.

| ધોરણ | વિદ્યાર્થી સંખ્યા | કુલ ખર્ચ | કુલ આવક |
|---|---|---|---|
| પ્રિ પ્રાયમરી, 1-12 | 428 | 324.60 લાખ | 146.65 |

**<u>સૂચિત ફી</u>**

| ધોરણ | માધ્યમ | વર્ષ 24-25 | વર્ષ 25-26 | વર્ષ 26-27 |
|---|---|---|---|---|
| પ્રિ પ્રાયમરી | ENG | 37430 | 41930 | 46970 |
| 1-5 | ENG | 44540 | 49890 | 55880 |
| **6-8** | ENG | 49520 | 55470 | 62130 |
| 9-10 | ENG | 49520 | 55470 | 62130 |
| 11-12 (GEN&SCI) | ENG | 55440 | 59330 | 63440 |

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

૭. વર્ષ 2023-24ની મંજુર ફી નીચે પ્રમાણે છે.

| ધોરણ | માધ્યમ | વર્ષ 23-24 |
|---|---|---|
| પ્રિ પ્રાયમરી | ENG | 36500 |
| 1-5 | ENG | 43400 |
| 6-8 | ENG | 48200 |
| 9-10 | ENG | 48200 |
| 11-12(GEN) | ENG | 49500 |
| 11-12(SCI) | ENG | 49500 |

૮. માન્ય ખર્ચ આધારિત વિદ્યાર્થી દીઠ ખર્ચ,તેમાં બે વર્ષનો વ્યાજબી વધારો, ધ્યાને લેતાં ગુજરાત સ્વનિર્ભર ખાનગી શાળા ફી નિયમન અધિનિયમ ની કલમ 5 (2) અન્વયે તથા કલમ 10 તથા નિયમો 2017 ના નિયમ ૭ ના પેટા નિયમો ૩ અને ૪ સાથે વાંચતા મળેલી સત્તાની રુએ અને આ હુકમમાં નિર્દેશ કરેલી શરતોને આધીન રહીને ફી નીયમન સમિતિ આથી નીચેના કોષ્ટકમાં નિર્દેશ કર્યા મુજબ સ્વનિર્ભર શાળા દ્વારા જુદા જુદા ધોરણમાં વિદ્યાર્થી દીઠ વસૂલવાની કુલ ફી નક્કી કરે છે.

**પૂર્વ પ્રાથમિક/પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક માટેની ફી**

| ધોરણ | માધ્યમ | વર્ષ 24-25 | વર્ષ 25-26 | વર્ષ 26-27 |
|---|---|---|---|---|
| પ્રિ પ્રાયમરી | ENG | 37430 | 40050 | 42853 |
| 1-5 | ENG | 44540 | 47657 | 50992 |
| 6-8 | ENG | 49520 | 52986 | 56695 |
| 9-10 | ENG | 49520 | 52986 | 56695 |
| 11-12 (GEN&SCI) | ENG | 55440 | 59320 | 63472 |

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT सत्यमेव जयते RAJKOT ZONE

૯. ઉપરોકત નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમન, સને 2017 ની કલમ-2 (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૧૦. શાળાએ હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી શાળા લીધી છે તે સબબનુ એફિડેવિટ દિન -30 માં કચેરી મારફતે અત્રે રજુ કરવાનું રહેશે, તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની ત્યાર પછીની મળવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન – 30 માં રજુ કરવાનું રહેશે.

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં "વસૂલેલી ફી રિફંડ ખાતુ" એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે.

૧૧. અત્રેની સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

૧૨. શાળા એક સાથે માત્ર એક સત્રની ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો સ્વનિર્ભર શાળાએ ફી નિયમન અધિનિયમ-2017 ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧૩. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે.

૧૪. આ હુકમ થી જો તમે નારાજ હોય તો હુકમ મળ્યાના દિવસ 21 માં ફી રિવિઝન કમિટી, બ્લોક-1, વિંગ બી-1, છઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – 10 ગાંધીનગર ખાતે ફોર્મ નં. 5 માં જરૂરી આધારો સાથે રૂ.10000 પ્રોસેસ ફી ભર્યાનું અસલ ચલણ જોડી રિવિઝન કરી શકાશે.

-Sd-
**A.A.SETA**
**COMMITTEE MEMBER**
**FRC-Rajkot.**

-Sd-
**P.J. AGRAVAT**
**CHAIRMAN**
**FRC-Rajkot.**

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE

**Certified Copy**
**By order for/**
**On behalf of**
**FRC-Rajkot.**

**V.J.Babariya**
**Education Inspector**
**FRC-Rajkot.**

**નકલ રવાના : મારફત તથા જાણ અને અમલ સારૂ**

**૧.સંયોજક અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી-ફી નિયમન સમિતિ, રાજકોટ ઝોન, રાજકોટ.**
**૨. સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
**૩. ઓફિસ કોપી-ફી નિયમન સમિતિ, રાજકોટ ઝોન, રાજકોટ.**